૬૬ ટકા ઉદ્યોગોને ધીરાણ મેળવવામાં મુશ્કેલી

૨૬ ટકા ઉદ્યોગોનું ટર્નઓવર ઘટયું તો ૩૧ ટકા ઉદ્યોગો ખોટ કરી રહ્યા છે

વડોદરા,સોમવાર

એમએસએમઈ એટલે કે સૂક્ષ્મ,નાના, મધ્યમ કદના ઉદ્યોગો ગુજરાતના અર્થતંત્રની કરોડરજ્જુ ગણાય છે પણ આ ઉદ્યોગો છેલ્લા કેટલાક વર્ષોથી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે.એમ.એસ.યુનિવર્સિટીની કોમર્સ ફેકલ્ટીના એકાઉન્ટિંગ વિભાગના સંશોધકોના એક સંશોધનમાં એમએસએમઈને લગતા ચોંકાવનારા તથ્યો સામે આવ્યા છે.

યુનિ.ની કોમર્સ ફેકલ્ટીના સંશોધકોના એમએસએમઈ પરના સંશોધનના તારણો, એકાઉન્ટિંગ સિસ્ટમ નબળી હોવાથી ફાઈનાન્સ નથી મળતું

એકાઉન્ટિંગ વિભાગના રિસર્ચ સ્કોલર પ્રિયા ચંડકે અધ્યાપક ડો.નિધિ અરગડેના માર્ગદર્શનમાં સંશોધનના ભાગરુપે તેમણે બે વર્ષ સુધી વાપી, દમણ અને દાદરાનગર હવેલી રિજનમાં આવેલી ૩૯૫ એમએસએમઈનું સર્વેક્ષણ કર્યું હતું.ડો.પ્રિયા ચંડક અને ડો.નિધિ અરગડેના તારણો પ્રમાણે એમએસએમઈ સામે સૌથી મોટા પડકારો એકાઉન્ટિંગ સિસ્ટમ, ફાઈનાન્સ અને બિઝનેસ પ્રેશરના છે.જેમ કે ૧૭ ટકા જ એમએસએમઈ પાસે કોમ્પ્યુટરાઈઝડ એકાઉન્ટિંગ સિસ્ટમ છે અને ૪૩ ટકા એકાઉન્ટિંગ માટે થોડા ઘણા અંશે કોમ્પ્યુટરનો ઉપયોગ કરે છે.જ્યારે ૩૯ ઉદ્યોગો તો એકાઉન્ટિંગ માટે હજી પણ મેન્યુઅલ સિસ્ટમ પર આધાર રાખે છે.આ જ રીતે ૬૬ ટકા ઉદ્યોગોને હંમેશા, ૨૬ ટકા ઉદ્યોગોને ક્યારેક ધીરાણ મેળવવામાં મુશ્કેલી પડતી રહી છે ૭૬ ટકા ઉદ્યોગોના માલિકો પોતાના પૈસાથી ઈન્ડસ્ટ્રી ચલાવે છે.બીજી તરફ ૨૬ ટકા ઉદ્યોગોનું ટર્નઓવર ત્રણ વર્ષથી સતત ઘટી રહ્યું છે અને ૩૧ ટકા ખોટ કરી રહ્યા છે તો ૩૩

(અનુસંધાન ચોથા પાને)

ફાઈનાન્સ મેળવવા તથા સરકારી યોજનાઓનો લાભ લેવા આડેના અવરોધો

-- જાણકારીનો અભાવ અને સ્કીમનો લાભ લેવા માટેના જટીલ કાયદાઓ
-- એપ્લાય કરવાની પ્રક્રિયાનીની જાણકારીનો અભાવ, યોજનાનો લાભ મળવામાં લાગતો લાંબો સમય, સ્કીમ હેઠળ મળતી મર્યાદિત રકમ
-- યોજનાઓનો લાભ લેવા માટે સરકારના પોર્ટલ પરનું ફરજિયાત રજિસ્ટ્રેશન
-- વધારે પડતુ ડોક્યુમેન્ટેશન અને લોનની રકમ મળવામાં લાગતો સમય

નાના ઉદ્યોગો માટે આઈસીએફએસ મોડેલ શ્રેષ્ઠ પૂરવાર થઈ શકે



પ્રિયા ચંડક



નિધિ અરગડે

સંશોધકોના મતે નાના ઉદ્યોગોની નાણાકીય મુશ્કેલીઓ દૂર કરવા માટે ઈન્ટિગ્રેટેડ કોમ્પ્યુટર એકાઉન્ટિંગ ફાઈનાન્સ સ્કીમ એટલે કે આઈસીએફએસ મોડેલ શ્રેષ્ઠ પૂરવાર થઈ શકે છે.જેના કારણે ઉદ્યોગોને અપ ટુ ડેટ ડિજિટલ રેકોર્ડ રાખવામાં મદદ મળી શકશે.તેની સાથે નાના ઉદ્યોગોમાં કર્મચારીઓની આ માટેની તાલીમ પણ એટલી જ જરુરી છે.ડિજિટલ રેકોર્ડના કારણે ડોક્યુમેન્ટેશન પણ અસરકારક રીતે થઈ શકશે. સાથે સાથે સરકારે સ્થાનિક ભાષાઓમાં નાણાકીય સહાયની યોજનાઓની જાણકારી આપવાની વ્યવસ્થા કરવી જોઈએ અને

૨૭ ટકા ઉદ્યોગોને સરકારની યોજનાઓની જાણકારી નથી

એમએસએમઈ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા નાણાકીય સહાય માટે ૧૨ જેટલી યોજનાઓ અમલમાં છે પણ ૨૭ ટકા ઉદ્યોગોને તેની જાણકારી જ નથી.૨૩ ટકા કોઈને કોઈ યોજના માટે અરજી કરી ચૂકયા છે અને ૮ ટકાને તેનો લાભ મળ્યો છે.જ્યારે ૨૯ ટકા ઉદ્યોગોએ ક્યારેય આવી યોજનાનો લાભ લેવા અરજી કરી ન થી તો ૧૧ ટકા ઉદ્યોગો યોજનાઓ માટે પાત્રતા ધરાવતા નથી.

ઉદ્યોગો અને સરકાર માટે આ સંશોધનમાં કરાયેલા સૂચનો

--ઉદ્યોગકારોએ કોમ્પ્યુટરાઈઝ એકાઉન્ટિંગ સિસ્ટમને પ્રાથમિકતા આપવાની જરુરુ
--ધીરાણ અંગે ઉદ્યોગોકારોએ વધારે શિક્ષિત થવાની આવશ્યકતા, ડિજિટલ સ્કીલ વધારવી પડશે.સરકારી યોજનાઓનો લાભ લેવા અસરકારક ડોક્યુમેન્ટેશન જરુરી
--સરકારે લોન માટે ઉદ્યોગો પરનું ડોક્યુમેન્ટેશનનું ભારણ ઘટાડવાની અને યોજનાઓ અંગે નાના ઉદ્યોગોમાં વધારે જાગૃતિ આવે તેના પર કામ કરવું પડશે.જેના માટે એકથી વધારે વિકલ્પો અપનાવવા હિતાવહ છે
--વાઉચર સ્કીમ થકી ઉદ્યોગોને કોમ્પ્યુટરાઈઝ એકાઉન્ટિંગ સિસ્ટમ માટે સબસિડી આપવામાં આવે.સરકારને પ્રોડકટસ પૂરી પાડતી એમએસએમઈને ઝડપથી પેમેન્ટ થવું જોઈએ.